Received on/-    01/01/2026
Registered on/-  01/01/2026
Decided on/-      10/04/2026
Duration  D-      M-     Y-

सत्यमेव जयते

**ના. સુપ્રીમ કોર્ટના SUO MOTO Writ (Cri) No. (s) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179A અન્વયેના નોટીફીકેશન નબર: સી–૨૦૦–૯૩, તા. ૨૦/૫/૨૦૨૨ ના ઠરોલ પ્રફોર્મા મુજબ.**

**FORM-A**

==========================================================================================

**અરવલ્લીના મે. એડી. સેસન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ:– મોડાસા.**

==========================================================================================

સુનિલ મનહરભાઈ કામદાર,
એડી. સેસન્સ જજ,
અરવલ્લી@ મોડાસા.
ચુકાદાની તારીખ:–૧૦/૦૪/૨૦૨૬

સેસન્સ કેસ નંબર:–૦૪/૨૦૨૬
(મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ગુ.ર. નં:– ૧૧૧૮૮૦૦૯૨૩૦૫૬૧/૨૦૨૩
ઈ. પી. કો. ની કલમ:– ૩૭૯(એ)

આંક:–

**એફ. આઈ. આર.ની વિગતો/ ગુના અને પોલીસ સ્ટેશન::–**

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી તરફે વિ. પ્રોસીકયુટરશ્રી | ટી.કે.રાઠોડ |
| આરોપી | અયાન અનીશમીયા પઠાણ<br>રહે.સૈયદવાડી, વટવા તા.જી.અમદાવાદ |
| આરોપી તરફે એલ.એ.ડી.સી.વિ. વકીલશ્રી | જી.એમ.પટેલ |

# FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ:– | ૨૦/૦૮/૨૦૨૩ |
| એફ.આઈ. આરની તારીખ:– | ૨૨/૦૮/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૧/૦૧/૨૦૨૬ |
| ચાર્જ ફરમાવ્યા તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૬/૦૨/૨૦૨૬ |
| હુકમ માટે રાખવામાં આવેલ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| હુકમ તારીખ | ૧૦/૦૪/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | –– |

## Accused Details:

| આરોપીનો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત કર્યા તારીખ | ગુનો | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોની કઃ–૪૨૮ મુજબ કાચા કામ તરીકે સમય ગાળાની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | અયાન અનીશમીયા પઠાણ | ૨૩/૦૮/૨૦૨૩ | ૧૪/૦૯/૨૦૨૩ | ઈ. પી. કો. ની કલમ:– ૩૭૯(એ) | નિર્દોષ | – | – |

# FORM-C

**ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**(એ) ફરીયાદ પક્ષ તરફે:–**

**–:: ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો::–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | પવનકુમાર મદનગોપાલ સોની | ફરીયાદી | ૭ |
| ૨ | અરવિંદભાઈ દલાભાઈ પરમાર | પંચ | ૯ |
| ૩ | ધર્મેન્દ્રભાઈ દશરથભાઈ ભોઈ | પંચ | ૧૧ |
| ૪ | મદનગોપાલ તોલારામ સોની | સાહેદ | ૧૩ |
| ૫ | નાનજીભાઈ રામજીભાઈ | ત.ક. અમલદાર | ૧૪ |

**(બી) બચાવ પક્ષ તરફે:–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો તરફે:–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૮ |
| ૨ | આરોપીની શરીર સ્થિતીનું પંચનામુ | ૧૦ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૨ |
| ૪ | સુચિપત્ર | ૧૫ |

**બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

**કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–**

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

**મુદ્દામાલની વિગત::–**

મુદ્દામાલ પાવતી નં.:–૧૨૯/૨૦૨૩

| અ. નં. | આર્ટીકલ નં બર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક સુઝુકી કંપનીનું એવેતશ ટુ– વ્હીલર સ્કુટર મેટેલીક ગ્રે કલરની જે આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી જેનો ચેચીસ નંબર જોતા MB8EA12MED81Z6498 તથા ચેચીસ નંબર તથા એન્જીન નં બર AF213240640 નો છે તે. |
| | ૨ | એક વીવો કંપનીનો વી–૨૭ મોડલનો મેજીક બ્લુ મોડલનો જેનો IMEI નંબર જોતા 863067060973752 તથા 863067060973745 નો વાદળી કલરનો મોબાઈલ છે તે. |
| | ૩ | એક સેમસંગ કંપનીનો એ–૧૪ મોડલનો કાળા કલરનો જેનો IMEI |

| | | |
|---|---|---|
| | | નંબર જોતા 356163213614270 તથા 359005413614278 નો મોબાઈલ છે તે. |
| | ૪ | એક વીવો કંપનીનો વાય–૨૧૩ મોબાઈલ બ્લુ કલરનો જેનો IMEI નંબર જોતા 3067060973752 તથા 863067060973745 નો છે તે. |
| | ૫ | એક લાવા કંપનીનો કાળા કલરનો મોબાઈલ જેનો IMEI નંબર જોતા 353558850303355 નો છે તે. |
| | ૬ | એક વીવો કંપનીનો વાય–૧૧ મોડલનો બ્લુ કલરનો મોબાઈલ જેનો IMEI નંબર જોતા 865899048669815 તથા 865899048669807 નો છે તે. |
| | ૭ | એક વીવો કંપનીનો વાય–૭૩ મોડલનો કાળા કલરનો મોબાઈલ જેનો IMEI નંબર જોતા 861612055304497 નો છે તે. |

## ::: ઠ રા વ :::

(૧) આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૭૯(એ) મુજબના ગુનાના સબબ કાર્યવાહી ચાલી રહેલ છે.

(૨) આ કામે ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૯/૦૦ થી ૨૦/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન મોજે કૃપા જ્વેલર્સની આગળ બુટાલવાળા ચોકમાં આ કામના ફરીયાદી પોતાના ઘરે જવા નીકળેલ હતા તે વખતે ફરીયાદીની દુકાન આગળ નીકળતા હતા તે સમય દરમિયાનમાં આરોપીએ તેના વાદળી કલરનું એકટીવા પાછળથી લઈ આવી ફરીયાદીના હાથમાં રહેલ મોબાઈલ ફોન જેની કિ.રૂા.૧૫,૦૦૦/– નો છીનવી લઈ ચોરી કરેલ હોવા મુજબની ફરીયાદ મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં જાહેર કરવામાં આવતા, ફરીયાદની હાલની ફરીયાદ દાખલ કરી અને તપાસ કરનારને હાલના બનાવની તપાસ સોંપવામાં આવતા, તપાસ કરનાર અધિકારીશ્રીએ જરૂરી તપાસ કરી, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમઃ– ૩૭૯(એ) મુજબનો ગુનો બનતો હોવાનું જણાઈ આવતા, ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) ત.ક. અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટનું સંજ્ઞાન લઈ, વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ– ૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કરવાનો હુકમ

કરવામાં આવતા, આરોપીની સામે હાલના ગુના સબબ સમન્સ કરવામાં આવેલ. જે આ કામના આરોપીને ધોરણસર બજી જતા, આરોપી ના. કોર્ટ સમક્ષ હાજર રહેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૦૭ અન્વયે ચાર્જશીટ લગત તમામ કાગળોની વિનામુલ્યે નકલો પુરી પાડવામાં આવેલ છે. તેમજ આ કામે આક્ષેપીત ગુનાનો પ્રકાર ધ્યાને લેતા આક્ષેપીત ગુનો સેસન્સ અદાલત ચલાવી શકે તે પ્રકારનો હોય, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:– ૨૦૯ અન્વયે સદર કેસ કમીટ કરવામાં આવેલ છે.

(૪) વિ. ટ્રાયલ કોર્ટ ધ્વારા કમીટ કરવામાં આવેલ કેસ અત્રેની અદાલતમાં સેસન્સ કેસ તરીકે સ્વીકારેલ છે તથા  આરોપીને જેલમાંથી રજુ કરેલ છે. તેમજ  આરોપી સામે હાલના ગુના સબબ ચાર્જ આંક:–૩ થી ફરમાવવામાં આવેલ છે, જે અનુસંધાને આરોપીનું નિવેદન લેવામાં આવતા, આરોપીએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરતા, આરોપી સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ફોર્મ– સીમાં જણાવ્યા મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદપક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલળ નથી અને પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર કરવામાં આવતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ:– ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ તમામ આક્ષેપીત પુરાવાનો ઈન્કાર કરી, પોતે નિર્દોષ હોવાનો બચાવ રજુ કરેલ છે. પરંતુ પોતાના બચાવમાં જાતે જુબાની આપવાનું કે, બચાવમાં સાક્ષી તપાસવાનું પસંદ કરેલ નથી. ત્યારબાદ હાલના કેસની કાર્યવાહી બંને પક્ષે દલીલ માટે રાખવામાં આવેલ.

(૭) ફરીયાદપક્ષે વિ. પ્રોસીકયુટર શ્રી ટી.કે.રાઠોડ ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૭૯(એ) મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે આ કામે ફરીયાદીની ફરીયાદ હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદી પોતાના ઘરે જવા નીકળેલ હતા તે વખતે ફરીયાદીની દુકાન

આગળ નીકળતા હતા તે સમય દરમિયાનમાં આરોપીએ તેના વાદળી કલરનું એકટીવા પાછળથી લઈ આવી ફરીયાદીના હાથમાં રહેલ મોબાઈલ ફોન જેની કિ.રૂા.૧૫,૦૦૦/– નો છીનવી લઈ ચોરી કરી લઈ હાલનો ગુનો કરેલ હોવાની આક્ષેપ છે. ત્યારે આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ ફરીયાદી પવનકુમાર મદનગોપાલ સોનીનાઓને આં ક:–૭ થી તપાસવામાં આવેલ છે. જેમાં તેઓ આ તમામ હકીકતોને સમર્થન આપી, તેઓ ફોન પર વાત કરતા હતા તે દરમિયાન આરોપીએ પાછળથી એકટીવા લઈ આવી તેમનો ફોન છીનવી ભાગી ગયેલા હોવાની હકીકતને સમર્થન આપી રહેલ છે. તેમજ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ હાલના ગુનાના તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ આ તપાસ દરમ્યાન આ ચોરી થયેલો મોબાઈલ આરોપી પાસેથી મળી આવેલ હોવાની તથા આ કામના આરોપીએ જ ફરીયાદી જયારે રસ્તા પર જતા હતા ત્યારે તેમનો મોબાઈલ ઝુંટવી ચોરી કરી ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં આવેલ છે. ત્યારે આ કામના આરોપીને મહત્તમ સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રી જી.એમ.પટેલ ધ્વારા પોતાના બચાવમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તેમજ આ કામે જે ફરીયાદીના મોબાઈલ ફોન સાથે ગુનો કરવામાં આવેલ તેઓની જુબાની ધ્યાને લેતા, તેઓ આરોપીને ઓળખી શકેલ નથી કે જોયેલ નથી. ત્યારે આ મુદ્દામાલ ખરેખર આરોપી પાસેથી રીકવર કરવામાં આવેલ કે કેમ? તે બાબતે કરવામાં આવેલ પંચનામું ધ્યાને લેવામાં આવે તો તેના બંને પંચો ધ્વારા આ રીકવરીને સમર્થન આપેલ નથી. તે મુજબ આ કામના આરોપી પાસેથી તકરારી મુદ્દામાલ મળી આવેલ હોવાની હકીકત પણ ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી. ત્યારે માત્ર તપાસ કરનાર અમલદાર કે જેઓ સરકારી કર્મચારી છે અને જેમતેમ પોતાની કામગીરી બતાવવા માટે કરવામાં આવેલ કાર્યવાહી પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. ત્યારે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

(૯) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા નં–૧ શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, તા. ૨૦/૦૮/૨૦૨૩ ના રોજ કલાક ૧૯/૦૦ થી ૨૦/૦૦ વાગ્યાના સમયગાળા દરમિયાન મોજે કૃપા જવેલર્સની આગળ બુટાલવાળા ચોકમાં આ કામના ફરીયાદી પોતાના ઘરે જવા નીકળેલ હતા તે વખતે ફરીયાદીની દુકાન આગળ નીકળતા હતા તે સમય દરમિયાનમાં આરોપીએ તેના વાદળી કલરનું એકટીવા પાછળથી લઈ આવી ફરીયાદીના હાથમાં રહેલ મોબાઈલ ફોન જેની કિ.રૂા.૧૫,૦૦૦/– નો છીનવી લઈ ચોરી કરી, ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૭૯(એ) મુજબનો ગુનો કરેલ છે?

મુદા નં–૨ શું હુકમ?

**(૧૦)** ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં–૧ નકારમાં.

મુદા નં–૨ આખરી હુકમ પ્રમાણે.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે:–

– :: <u>કા ર ણો</u> :: –

**<u>મુદા નં–૧</u>**

**(૧૧)** આ કામે ફરીયાદપક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ સૌ પ્રથમ આ કામના ફરીયાદી **પવનકુમાર મદનગોપાલ સોની** નાઓને આંક:– ૭ થી તપસાવામાં આવેલ છે જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, હાલનો બનાવ તા.૨૦/૮/૨૩ ના રોજ રાત્રે આશરે સાતેક વાગ્યે બનેલ. તે સમયે હુ તથા મારા પિતા મદનગોપાલભાઈ અમારી કૃપા જવેલર્સમાથી કામ પતાવીને ઘરે જવા માટે નીકળેલ, હુ દુકાનની સામે પાર્ક કરેલ મારૂ મો.સા. લેવા માટે જતો હતો ત્યારે મારા ફોન પર મારા ગ્રાહકનો ફોન આવતા હુ ફોનમા વાતો કરતો કરતો જતો હતો. તે વખતે એક એકટીવા પર ૩ અજાણ્યા ઈસમોએ એકટીવા લઈને મારા પાછળથી આવી મારા હાથમા રહેલ મોબાઈલ

છીનવી મારો મોબાઈલ ચોરી તેની એકટીવા લઈ જતા રહેલા. આ એકટીવાને નંબર પ્લેટ લગાવેલ ન હતી તે વખતે અંધારૂ હોઈ મને આ એકટીવા વાદળી કલરનુ લાગતુ હતુ, સદર એકટીવા આગળ બેહેલ ઈસમને જોતા તેણે સફેદ કલરની ટીશર્ટ પહેરેલ હતી અને શરીરે પાતળા બાંધાનો હતો, વચ્ચે બેહેલ ઈસમને સરખો જોયેલ નહી. પાછળ બેહેલ ઈસમને જોતા તેણે ગુલાબી કલરનુ શર્ટ પહેરેલ હતુ. મારો વિવો કંપનીનો વાય – ૨૧ મોડલનો બ્લુ કલરનો મોબાઈલ જેની કિ.રૂા.૧૫,૦૦૦/– ની હતી તેમા એક સીમ વોડાફોન કંપનીનુ હતુ જેનો નંબર ૭૫૭૩૦૭૬૪૩૦ નો હતો. ત્યારબાદ બે  ચાર મીનીટ ફોન ચાલુ હતો ત્યારબાદ તે સ્વીચઓફ થઈ ગયેલ. મારા ડોકયુમેન્ટ તથા મોબાઈલ બેન્કીંગને લગતી માહીતી હોઈ સદર નંબર કંપનીમા ફોન કરી બંધ કરાવી દીધેલ હતુ. બનાવ બાબતે પોલીસમાં મે ફરીયાદ આપેલી. તેમ જણાવી આંક:– ૮ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવે છે.બનાવ સમયે અંધારૂ હોઈ અને આરોપી પાછળથી આવેલ હોઈ હુ તેને જોઈ શકેલ નહી.

(૧૨) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે અંધારૂ હોઈ મારો મોબાઈલ કોણ ચોરી ગયેલ તે હુ જોઈ શકેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા એ ભરચક વિસ્તાર છે.

(૧૩) ત્યારબાદ ફરીયાદપક્ષે મુદ્દામાલ રીકવરી પંચનામાના પંચોને તપાસેલા છે.આ કામે મુદ્દામાલ રીકવરી કરવામાં આવેલ અને તે બાબતે તપાસ દરમ્યાન રીકવરી પંચનામું તૈયાર કરવામાં આવેલ અને તે પંચનામું ફરીયાદ પક્ષે આંક:– ૧૦ થી મુદ્દામાલ રીકવરીનું પંચનામું રજુ કરવામાં આવેલ છે અને આ પંચનામાની વિગતો પુરવાર કરવા સારૂ પંચ સાહેદ **અરવિંદભાઈ દલાભાઈ પરમાર** નાઓને આંક:– ૯ થી તથા અન્ય પંચ **ધર્મેન્દ્રભાઈ દશરથભાઈ ભોઈ** નાઓને આંક:– ૧૧ થી તપાસવામા આવેલ છે. આ કામે આ બંને પંચો જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, પોલીસ ધ્વારા તેઓની તૈયાર પંચનામામાં સહીઓ કરાવડાવવામાં આવેલ. આ પંચનામા બાબતે તેઓને કોઈ જાણકારી નથી. તેમ જણાવી આ આંક:– ૧૦ વાળા પંચનામામાં

પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારબાદ આ બંને પંચ સાહેદોને વિમુખ સાહેદ જાહેર કરવામાં આવેલ છે. તે દરમ્યાન પણ તેઓએ આરોપીને પોલીસે પકડેલ હોય, કે તેઓની પાસેથી આ કામનો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવા બાબતે કોઈ સમર્થનકારક હકીકત પુરવાર કરી શકાયેલ નથી.

(૧૪) ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદીના પિતા એવા **મદનગોપાલ તોલારામ સોની** નાઓને આં ક– ૧૩ થી તપાસવામાં આવેલ છે અને તેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે,હાલનો બનાવ તા.૨૦/૮/૨૩ ના રોજ રાત્રે આશરે સાતેક વાગ્યે બનેલ. તે સમયે હુ તથા મારો દિકરો અમારી કૃપા જવેલર્સમાથી કામ પતાવીને ઘરે જવા માટે નીકળેલ, મારો દિકરો દુકાનની સામે પાર્ક કરેલ મારૂ મો.સા. લેવા માટે જતો હતો ત્યારે તેના  ફોન પર અમારા ગ્રાહકનો ફોન આવતા તે ફોનમા વાતો કરતો કરતો જતો હતો. તે વખતે એક એકટીવા પર ૩ અજાણ્યા ઈસમોએ એકટીવા લઈને તેના પાછળથી આવી તેના હાથમા રહેલ મોબાઈલ છીનવી તેનો મોબાઈલ ચોરી તેની એકટીવા લઈ જતા રહેલા. આ એકટીવાને નંબર પ્લેટ લગાવેલ ન હતી તે વખતે અંધારૂ હોઈ મને આ એકટીવા વાદળી કલરનુ લાગતુ હતુ, મારા દિકરાનો વિવો કંપનીનો વાય – ૨૧ મોડલનો બ્લુ કલરનો મોબાઈલ જેની કિ.રૂા.૧૫,૦૦૦/– ની હતી તેમા એક સીમ વોડાફોન કંપનીનુ હતુ જેનો નંબર ૭૫૭૩૦૭૬૪૩૦ નો હતો. ત્યારબાદ બે  ચાર મીનીટ ફોન ચાલુ હતો ત્યારબાદ તે સ્વીચઓફ થઈ ગયેલ. તેના ડોકયુમેન્ટ તથા મોબાઈલ બેન્કીંગને લગતી માહીતી હોઈ સદર નંબર કંપનીમા ફોન કરી બંધ કરાવી દીધેલ હતુ. આ ૩ અજાણ્યા ઈસમોએ મોબાઈલ ચોરી કરેલ હોઈ તેની સામે મારા દિકરાએ ફરીયાદ આપેલ. પોલીસે મારો જવાાબ લીધેલ. બનાવ સમયે અંધારૂ હોય  હુ તેને જોઈ શકેલ નહી.

(૧૫) ત્યારબાદ આરોપી ધ્વારા પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે અંધારૂ હોઈ મારો મોબાઈલ કોણ ચોરી ગયેલ તે હુ જોઈ શકેલ નહી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યા એ ભરચક વિસ્તાર છે.

(૧૬) ત્યારબાદ ફરીયાદપક્ષે હાલના ગુનાની તપાસ કરનાર અધિકારી એવા **નાનજીભાઈ રામજીભાઈ** નાઓને આંક:- ૧૪ થી તપાસવામાં આવેલ છે અને તેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, હુ સને ૨૦૨૩ માં અ.હે.કો. તરીકે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો હતો ત્યારે આ ગુનાની તપાસ મને મળતા મે તપાસ સંભાળી લીધેલ. ત્યારબાદ મે બનાવવાળી જગ્યાનું પંચનામુ બે પંચોની હાજરીમાં કરેલ. ત્યારબાદ આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. અગાઉની તપાસ દરમીયાન કબજે કરેલ મુદામાલ પંચનામુ તપાસના કામે સામેલ રાખેલ. આરોપી સામે પુરતો પુરાવો જણાતા મે ચાર્જશીટ કરેલ.

(૧૭) ત્યારબાદ આરોપીઓ તરફે પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ રાત્રીના સમયે બનેલો. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યા ભીડભાડ વાળી જગ્યા છે. એ વાત ખર નથી કે ત્યાં કોઈ સ્ટ્રીટ લાઈટની સગવડ નથી. એ વાત ખરી છે કે ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ તેણે આરોપીને ઓળખેલ હોવાની કોઈ હકીકત લખાવેલ નથી. એ વાત ખરી છે કે મે બનાવ અંગે કોઈ સીસીટીવી ફુટેજ મેળવેલ નથી. એ વાત ખરી છે કે ઘણી બધી વખત બીનવારશી મુદામાલ મળતો હોય છે. એ વાત ખરી નથી કે મે મારી તપાસ દરમીયાન કોઈ સ્વંતત્ર સાહેદના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી સામે કોઈ સીધો પુરાવો મેળવેલ નથી. એ વાત ખરી છે કે આરોપી અન્ય ગુનામાં પણ સંડોવાયેલ છે. એ વાત ખરી નથી કે તેથી મે તેને હાલના ગુનાના કામે પણ આરોપી તરીકે દર્શાવેલ છે. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમીયાન કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.

(૧૮) આ કામે હાલના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૭૯(એ) મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે સદર જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો સૌ પ્ર થમ ફરીયાદપક્ષે એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે,આ કામના ફરીયાદી તેમના મોબાઈલ ફોનમાં વાતો કરતા હતા ત્યારે હાલના આરોપી ધ્વારા એકટીવા લઈ આવી તેમનો ફોન છીનવી ભાગી ગયેલા. ત્યારે આ બનાવની હકીકતો ધ્યાને લેવામાં આવે તો આ

કામના ફરીયાદી કૃપા જવેલર્સની આગળ બુટાલવાળા ચોકમાં પોતાના ઘરે જવા નીકળેલ હતા તે વખતે તેમની દુકાન આગળ નીકળતા હતા ત્યારે હાલનો બનાવ બનેલ. ત્યારે હાલના સમગ્ર બનાવના ન્યાયી નિર્ણય માટે હાલના ફરીયાદી એક માત્ર જ સ્ટાર વિટનેશ ગણી શકાય તેમ છે. ત્યારે તેઓનું જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ હાલની ઘટનાને સમર્થનકારક પુરાવો આપી રહેલ છે અને આ બનાવ બનેલ હોવાનું જણાવી રહેલ છે. પરંતુ આ બનાવમાં કોના ધ્વારા આ મોબાઈલ ફોન છીનવી લેવામાં આવેલ તે બાબતે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ હાલના જ આરોપી ધ્વારા તેમનો મોબાઈલ ફોન છીનવી લેવામાં આવેલ હોવા બાબતે કોઈ મહત્વનો પુરાવો રજુ કરી રહેલ નથી. ઉલ્ટાનું તેઓ ધ્વારા કોના ધ્વારા આ મોબાઈલ ફોન છીનવી લેવામાં આવેલ હોવા બાબતે કોઈ આરોપીની ઓળખ બાબતે કોઈ મહત્વનો પુરાવો આપવામાં આવેલ નથી કે તેઓની જુબાની દરમ્યાન તેઓ ધ્વારા આરોપીને જોયેલ હોય તેવો કોઈ પુરાવો મળી રહેતો નથી. ત્યારે ફરીયાદીનો મોબાઈલ ફોન છીનવી લેવાની ઘટના બનેલ હોવા માત્રથી આરોપી ધ્વારા જ આ મોબાઈલ ફોન છીનવી લેવામાં આવેલ હોય તેમ માની શકાય તેમ નથી. ત્યારે આ સાહેદની જુબાની બાબતે અન્ય મહત્વના સાહેદોની જુબાનીનું પણ પુરાવાકીય મુલ્યાંકન કરવુ આવશ્યક બની રહે છે.

(૧૯) ત્યારે હાલના કેસમાં ફરીયાદી ધ્વારા આ મોબાઈલ ફોન કોના ધ્વારા છીનવી લેવામાં આવે તે હકીકત તેઓને ખબર નથી. ત્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમઃ- ૧૧૪(ક) ધ્યાને લેવી આવશ્યક બની રહે છે. ત્યારે જો કોઈ ચોરીનો મુદ્દામાલ કોઈ વ્યકિત પાસેથી મળી આવે તો તે ચોર છે અથવા તો ચોરીનો માલ ખરીદનાર હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. ત્યારે આ કામે આરોપીને હાલના ગુનાના કામે સાંકળવા માટે મુદ્દામાલ રીકવરી પંચનામું અતિમહત્વનું બની જાય છે. ત્યારે ફરીયાદપક્ષે આંક :- ૧૦ થી આ રીકવરી પંચનામું રજુ કરવામાં આવેલ છે ત્યારે આ પંચનામાના બંને પંચો અરવિંદભાઈ દલાભાઈ પરમાર તથા ધર્મેન્દ્રભાઈ દશરથભાઈ ભોઈ તેમની જુબાની દરમ્યાન આ પંચનમામાં તેઓએ માત્ર સહીઓ કરેલ હોવાની હકીકત સ્વીકારવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલના પંચ સાહેદની હાજરીમાં હાલના આરોપીને અટક કરવામાં આવેલ હોય કે તેઓની અંગઝડતી કરવામાં આવેલ હોય કે આરોપીની સુચના મુજબ આ મુદ્દામાલ મળી

આવેલ હોવા બાબતેની કોઈ હકીકત હાલના પંચ સાહેદ જણાવી રહેલ નથી. તેમજ વિમુખ સાહેદ જાહેર કરેલ હોવા છતાં પણ આ આંક:-૧૦ વાળા પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપી રહેલ નથી. ત્યારે ઉપરોકત કાયદાકીય જોગવાઈ તથા પંચોની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલનો આક્ષેપીત મુદ્દામાલ આરોપીની કસ્ટડીમાંથી મળી આવેલ હોવાની હકીકત પણ ફરીયાદપક્ષ પુરવાર કરતો ન હોય, ત્યારે આ કામે આરોપી સામે ભારતીય પુરાવા અધિનિયમની કલમ:- ૧૧૪(ક) મુજબનું પણ અનુમાન થઈ શકે તેમ નથી.

(૨૦) ત્યારબાદ બાદ ગુનાની તપાસ કરનાર અધિકારીશ્રીની જુબાનીનું પણ પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો આ મુદ્દામાલ તેઓની હાજરીમાં પણ રીકવર કરવામાં આવેલ નથી. ત્યારે આ કામે હાલના આરોપી પાસેથી આ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ કે કેમ? તે હાલના સાહેદની જુબાની આધારે પણ નિ:શંકપણે પુરવાર માની શકાય તેમ નથી.

(૨૧) આમ, આ કામે ફરીયાદ પક્ષે રજુ કરવામા આવેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું આક્ષેપીત ગુના સબબ મુલ્યાંકન કરતા, આ કામના આરોપીને ગુનો કરતા ફરીયાદી ધ્વારા જોવામાં આવેલ નથી કે પુરાવા દરમ્યાન ઓળખી શકાયેલ નથી, તેમજ ત. ક.અમલદાર ધ્વારા પણ મુદ્દામાલ હાલના આરોપીની કસ્ટડીમાંથી મળી આવેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ ન હોય, ત્યારે ફરીયાદપક્ષે આરોપી સામેનું તહોમતનામું નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્રપણે માનવું હોય, મુદ્દા નંબર:- ૧ નો જવાબ '' નકારમાં '' આપી, મુદ્દા નંબર:- ૨ અન્વયે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## -: <u>હુ ક મ</u> :-

1. આથી આ કામ આરોપી: **અયાન અનીશમીયા પઠાણ રહે.સૈયદવાડી, વટવા તા.જી.અમદાવાદ** નાઓને ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ:-૨૩૫(૧)

અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમઃ–૩૭૯(એ) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

2. આરોપીના જામીન ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા માટે છ માસ સુધીના સમયગાળા માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

3. આ કામના મુદ્દામાલ અંગે કરવામાં આવેલ વચગાળાના હુકમ કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ ન હોય, તો મુદ્દામાલના માલીકની ખરાઈ કરી અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૦મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦–૦૪–૨૦૨૬.
સ્થળ : મોડાસા.

**(સુનિલ મનહરભાઈ કામદાર)**
એડીશ્નલ સેશન્સ જજ
અરવલ્લી @ મોડાસા
GJ 00984.

J.B.RATHOD